ક્રમાંક. આઇ.ટી./Internet/૨૦૧૯/ 123-15
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં- ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

વિષય : રાજ્યની સરકારી અને સરકાર અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમર્યાદિત ઇન્ટરનેટની સુવિધા આપવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની સરકારી અને અનુદાનિત ૪૧૮૩ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. સદર મંજૂર થયેલ શાળાઓમાં Unlimited Internetની સુવિધા પુરી પાડવા માટે અત્રેની કચેરી માટે GIL દ્વારા ટેન્ડર પ્રસિધ્ધ કરી M/s. Bharat Sanchar Nigam Ltd.ના ભાવ માન્ય રાખવામાં આવેલ છે. M/s. Bharat Sanchar Nigam Ltd. ને અત્રેથી યોજનાના અમલિકરણ માટેના આદેશ આપવામાં આવેલ છે.

જે બાબતની જાણ અત્રેની કચેરીના તા.૦૭.૦૩.૨૦૧૯ના પત્રથી તથા E-Mail થી આપના જિલ્લાની શાળાઓની યાદી સહિત કરવામાં આવેલ.

BSNL દ્વારા Internet Connection ની કામગીરી હાથ ધરાયેલ છે. પરંતુ, શાળાના આચાર્યશ્રીઓને તેમની શાળામાં Internet Connection લગાવવાના છે તે બાબતની જાણકારી હોતી નથી તેવી બાબત આ કચેરીના ધ્યાને આવેલ છે. જે શાળામાં Internet Connection પુરા પાડવામાં આવનાર છે તે શાળાના આચાર્યશ્રીઓને તેમની શાળામાં Internet Connection પુરા પાડવા બાબતની જાણ જો આપના દ્વારા કરવાની બાકી હોય તો શાળાઓને જાણ કરવા અત્રેથી પુનઃ જણાવવામાં આવે છે.

સદર યોજનાના સમયસર અમલિકરણ, એજન્સીને જરૂરી માર્ગદર્શન અને અત્રેની કચેરીને યોજનાના અમલિકરણની પ્રગતિની વિગતો નિયમિત મળતી રહે તે માટે આપની કચેરીના એક શિક્ષણ નિરીક્ષકનો નોડલ અધિકારી તરીકે આદેશ કરી તેની આ કચેરીને જાણ કરેલ છે. આપના જિલ્લાની સમાવિષ્ટ તમામ શાળાઓના આચાર્યના નામ, મોબાઇલ નં. અને E-Mail IDની વિગત આપના જિલ્લાના નોડલ અધિકારી પાસે ઉપલબ્ધ હોય તે ઇચ્છનીય છે.

જિ. શિ. ...
આવક નંબર : 2355
તારીખ ૨૧/૬/૧૯

આપનો વિશ્વાસુ,
(સહી)
સંયુક્ત નિયામક (૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર